



# ગુજરાતમિત્ર

તથા ગુજરાતદર્પણ સ્થાપના:૧૮૬૩

સંવર્ધક તંત્રી : સ્વ. પ્રવીણકાન્ત ઉત્તમરામ રેશમવાળા
તંત્રી: મુદ્રક : પ્રકાશક : ભરત પ્રવીણકાન્ત રેશમવાળા






માલિકઃ ગુજરાતમિત્ર પ્રા.લિ. પ્રકાશન સ્થાનઃ ગુજરાત સ્ટાન્ડર્ડ પ્રેસ, ગુજરાતમિત્ર ભવન, સોની ફળિયા, સુરત-૩૯૫૦૦૩ | e-mail:mitra@gujaratmitra.in | ટે.નં.: જા.ખ. વિભાગઃ ૨૫૯૯૯૯૧, ફેક્સઃ ૨૫૯૯૯૯૦, વ્યવસ્થા, તંત્રી વિભાગઃ ૨૫૯૯૯૯૨/૩/૪

GUJARATMITRA AND GUJARATDARPAN
Regd.No. SRT-006/2024-26 ★ RNI No.1597/57

વર્ષઃ ૧૬૨ * * * સંવત ૨૦૮૧ મહા વદ તેરસ, બુધવાર ૨૬ ફેબ્રુઆરી, ૨૦૨૫ * * * દૈનિક : ૮૮ - અંક : ૯૬

પાનાં ૧૨+૧૬ કિંમત ₹ ૫.૦૦


### અમેરિકા તેના યુરોપિયન સાથીઓથી અલગ થયું, વર્ષોના કોલ્ડ વોર પછી હવે અમેરિકા રશિયાની પડખે

# UNમાં યુક્રેન યુદ્ધ પર મતદાનમાં અમેરિકા રશિયાની તરફેણમાં

## અમેરિકાએ રશિયા સાથે મળીને યુરોપ સમર્થિત ઠરાવ વિરુદ્ધ મતદાન કર્યું

**સંયુક્ત રાષ્ટ્રો, તા. 25 (AP):** પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પના નેતૃત્વ હેઠળ યુરોપીય દેશો સાથેના સંબંધોમાં નાટકીય પરિવર્તન આવ્યું, સોમવારે ત્રણ વર્ષથી ચાલી રહેલા યુદ્ધનો અંત લાવવા માટે સંયુક્ત રાષ્ટ્રોના ત્રણ ઠરાવો પર મતદાનમાં યુક્રેન પરના આક્રમણ માટે રશિયાને દોષી ઠેરવવાનો ઈનકાર કરીને અમેરિકા તેના યુરોપિયન સાથીઓથી અલગ થયું હતું.

સંયુક્ત રાષ્ટ્રોની સામાન્ય સભામાં, અમેરિકાએ રશિયા સાથે મળીને યુરોપ-સમર્થિત યુક્રેનિયન ઠરાવ વિરુદ્ધ મતદાન કર્યું, જેમાં મોસ્કોના હુમલાનો ઉલ્લેખ કરવામાં આવ્યો હતો અને રશિયન સૈનિકોને તાત્કાલિક પાછા ખેંચવાની માગ કરવામાં આવી હતી.

ત્યારબાદ અમેરિકા તેના પોતાના



સ્પર્ધાત્મક ઠરાવ પર મતદાન કરવાથી દૂર રહ્યું આ પહેલાં ફ્રાન્સના નેતૃત્વમાં યુરોપિયન દેશો તેમાં સુધારો કરાવવામાં સફળ થયા હતા જેમાં સ્પષ્ટ કરાયું હતું કે રશિયાએ પ્રથમ હુમલો કર્યો હતો.

ટ્રમ્પ વોશિંગ્ટનમાં ફ્રાન્સ પ્રમુખ ઈમેન્યુઅલ મેક્રોનનું સ્વાગત કરી રહ્યા હતા ત્યારે આ મતદાન થઈ રહ્યું હતું.

193 સભ્યોની આ વૈશ્વિક સંસ્થામાં ટ્રમ્પ વહીવટીતંત્ર માટે આ એક મોટો ફટકો હતો, જેના ઠરાવો કાયદેસર રીતે બંધનકર્તા નથી પણ વૈશ્વિક અભિપ્રાયના બેરોમીટર તરીકે જોવામાં આવે છે.

ત્યારબાદ અમેરિકાએ વધુ શક્તિશાળી યુએન સુરક્ષા પરિષદમાં તેના મૂળ ડ્રાફ્ટ પર મતદાન માટે દબાણ કર્યું, જ્યાં ઠરાવો કાયદેસર રીતે બંધનકર્તા છે અને તેની પાસે રશિયા, ચીન, બ્રિટન અને ફ્રાન્સની સાથે વીટો પાવર છે. 15 સભ્યોની આ પરિષદમાં મતદાન 10-0 હતું જેમાં પાંચ દેશો ગેરહાજર રહ્યા, જે બધા યુરોપના હતા.

### મતદાનમાં બ્રિટન અને ફ્રાન્સ પણ અમેરિકાથી અલગ થયા

ટ્રમ્પ અને મેક્રોનની મુલાકાત પછી ગુરુવારે બ્રિટિશ વડા પ્રધાન કીર સ્ટારમરની મુલાકાત થશે, જે યુક્રેન પર વોશિંગ્ટન સાથે એક મહિના

...અનુસંધાન પાના 11 પર ➲

### હવે રશિયાની આગેવાનીમાં નવી વિશ્વવ્યવસ્થા?

ભૂતપૂર્વ બ્રિટિશ જાસૂસ સહિત સંરક્ષણ નિષ્ણાતોને ડર છે કે પુટિનનો પક્ષ લેવા અમેરિકા તેના પશ્ચિમી સાથીઓ તરફ પીઠ ફેરવી રહ્યું છે, આ સત્તા પરિવર્તન જે નાટો ગઠબંધનને તોડી શકે છે અને રશિયાની આગેવાનીમાં 'નવી વિશ્વ વ્યવસ્થા' ને વેગ આપી શકે છે. વરિષ્ઠ વિદ્વાનો દાવો કરે છે કે અમેરિકાએ ફક્ત સાઈડ બદલી છે' કારણ કે ડોનાલ્ડ ટ્રમ્પ રશિયા અને યુક્રેન વચ્ચેના યુદ્ધને શક્ય તેટલી ઝડપથી સમાપ્ત કરવા માંગે છે.

## બિટકોઇન 90,000 ડોલરથી નીચે, ટ્રમ્પના આગમન વખતનો ઉછાળો ધોવાયો

**વોશિંગ્ટન, તા. 25 (AP).** મંગળવારે સવારે બિટકોઇનની કિંમત 90,000 યુએસ ડોલરથી નીચે આવી ગઈ અને અન્ય ક્રિપ્ટોકરન્સીમાં પણ મોટો ઘટાડો જોવા મળ્યો હતો, જેણે રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ક્રિપ્ટો-પ્રોફિટ એજન્ડા પર સત્તા સંભાળી ત્યારથી ડિજિટલ સંપત્તિઓમાં થયેલા કેટલાક ફાયદા ભૂંસી નાખ્યા હતા.

...અનુસંધાન પાના 11 પર ➲

તા. ૨૫-૦૨-૨૦૨૫નું સુરત શહેરનું

### હવામાન

| મહત્તમ | લઘુત્તમ | ભેજ |
|---|---|---|
| ૩૭.૮° સે. | ૨૩.૦° સે. | ૨૮% |




